# સ્નાતક કક્ષાના અભ્યાસક્રમો માં પ્રવેશ માટેની જાહેરાત

(શૈક્ષણિક વર્ષ ૨૦૨૨-૨૦૨૩)

<u>( ફક્ત ગુજરાત બોર્ડ ના વિધ્યાર્થીઓ માટે જ )</u>

ધોરણ ૧૨ (HSC) તથા તેની સમકક્ષ પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલા વિદ્યાર્થીઓને વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સુરત સંલગ્ન સરકારી, અનુદાનિત તથા સ્વનિર્ભર કોલેજોમાં પ્રથમ વર્ષ **B.Com, B.B.A, B.R.S, B.Sc., B.Sc. (Computer Science), BCA** તથા યુનિવર્સિટી પરિસર ખાતે ચાલતા **Five Year Integrated B.Com LL.B (Hons.), Five Year Integrated M.Sc. IT, Five Year Integrated M.Sc. Biotechnology, Five Year Integrated M.R.S. in Sustainable Development,** B.A **Mass Communication, Fine Arts (B.F.A.),** તથા **Interior Design (B.I.D.)** અભ્યાસક્રમોમાં <u>પ્રવેશ માટે યુનિવર્સિટીની વેબસાઈટ **www.vnsgu.ac.in** પર ઓનલાઇન રજીસ્ટ્રેસન કરવાની પ્રક્રિયા ચાલુ થઈ ચૂકી છે.</u> **જે વિદ્યાર્થીઓએ રજીસ્ટ્રેસન થઈ ગયું છે તેમણે તેમને મળેલ આઈ.ડી. પાસવર્ડ થી લોગીન કરી આગળનું ફોર્મ ભરવાનું રહેશે . તેમજ જે વિદ્યાર્થીઓએ રજીસ્ટ્રેસન કરવ્યું નથી તેમને સૌપ્રથમ ક્વીક રજીસ્ટ્રેસન કરી આગળનું ફોર્મ ભરવાનું રહેશે જે વિદ્યાર્થીઓ ના પરિણામ જાહેર થઈ ચૂક્યાં છે માત્ર તે જ વિદ્યાર્થીઓએ પ્રવેશ ફોર્મ ભરવાં,** જે વિદ્યાર્થીઓના પરિણામ જાહેર થવાના બાકી છે તેઓએ જયારે પરિણામ જાહેર થાય ત્યાર બાદ **પરિણામ જાહેર થયાની તારીખથી દિન ૦૭ માં ઓનલાઇન ફોર્મ જમા કરાવી દેવાના રહેશે.**

B.R.S. તથા Five Year Integrated M.R.S. in Sustainable Development બંને માટે એકજ કોમન ફોર્મ ભરવાનું રહેશે. એ સિવાય ના પ્રત્યેક અભ્યાસક્રમ માટે અલગ અલગ પ્રવેશ ફોર્મ ભરવાના રહેશે.

**B.Com, B.Sc., B.C.A** તથા **B.B.A ની પ્રવેશ પ્રક્રિયા સુરત, વલસાડ, નવસારી, બારડોલી અને ભરૂચ એમ પાંચ ઝોન વાઈઝ કરવાની હોવાથી** વિદ્યાર્થીઓએ પોતાની પસંદગી ની કોલેજો જે ઝોનમાં આવતી હોય તે જોઈ તે અનુસાર પ્રવેશ ફોર્મ ભરવાના રહેશે. **જો કોઈ વિદ્યાર્થી એક કરતાં વધુ ઝોન ની કોલેજો માટે પ્રવેશ ફોર્મ ભરવા માંગતા હોય તો પ્રત્યેક ઝોન માટે અલગ અલગ ફોર્મ ભરવાનું રહેશે.** (કયા ઝોનમાં કઈ કઈ કોલેજો નો સમાવેસ કરવામાં આવેલ છે તેની વિગતો વેબસાઈટ પર ઉપલબ્ધ છે, તે જોયા બાદજ ફોર્મ ભરવાની કાર્યવાહી કરવી).

પ્રવેશ અંગેની લાયકાત તથા પ્રવેશની સંપૂર્ણ વિગતો યુનિવર્સિટીની વેબસાઇટ પર ઉપલબ્ધ છે તેનો બરાબર અભ્યાસ કર્યા બાદ જ ઓનલાઇન ફોર્મ ભરવું. **પ્રવેશ માટેની પ્રોસેસિંગ ફી રૂ. ૨૦૦/- (Non – Refundable)** નેટ બેન્કિંગ, ડેબિટ/ક્રેડિટ કાર્ડ અથવા UPI થી જ ભરવાની રહેશે, અન્ય કોઈપણ રીતે રજીસ્ટ્રેશન ઉપલબ્ધ નથી.

તમામ વિદ્યાર્થીઓએ ઓનલાઇન ફોર્મમાં જ પોતાની માર્કશીટ (શાળા તરફથી આપવામાં આવેલી સહી સિક્કા વાળી માર્કશીટ અથવા જે તે બોર્ડની વેબસાઈટ પરથી / ડિજીલોકર પરથી ડાઉનલોડ કરેલી માર્કશીટ ની પી.ડી.એફ. કોપી અથવા અસલ માર્કશીટ નો ફોટો પાડીને) તથા અન્ય જરૂરી પ્રમાણપત્રો ફરજીયાત ઓનલાઇન જ અપલોડ કરવાના રહેશે. એસ.સી, એસ.ટી, એસ.ઇ.બી.સી, ઇ.ડબ્લ્યુ.એસ (આર્થિક રીતે પછાત), પી.એચ. (દિવ્યાંગ), સ્પોર્ટ્સ વગેરે કેટેગરી ના વિદ્યાર્થીઓએ સંબંધિત પ્રમાણપત્રો પણ ઓનલાઇન ફોર્મમાં જ અપલોડ કરવાના રહેશે.

વિદ્યાર્થી ડેસ્કટોપ કોમ્પ્યુટર, લેપટોપ અથવા મોબાઈલ થી પોતેજ પોતાનું ફોર્મ ભરી શકશે. વિદ્યાર્થીઓએ સાયબર કાફેમાં ન જતાં પોતે ફોર્મ ભરવું અથવા નજીકની કોલેજ અથવા શાળામાં જઈ ફોર્મ ભરવું હિતાવહ છે. કોલેજો તથા શાળાઓ વિદ્યાર્થી

પાસે રૂ. ૫૦ લઈ ફોર્મ ભરવાની સુવિધા ઉપલબ્ધ કરાવશે. દક્ષિણ ગુજરાત યુનિવર્સીટી કાર્યવિસ્તારમાં આવેલ તમામ શાળાઓ અને દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજો હેલ્પ સેન્ટર તરીકે કાર્યરત રહેશે. ડોકયુમેન્ટ જમા કરાવવા કે વેરીફાય કરાવવા કોઈપણ કોલેજ, યુનિવર્સિટી કે હેલ્પસેન્ટર પર રૂબરૂ જવાનું રહેશે નહીં. **ઓનલાઇન ફોર્મ ભરવામાં થતી મુઝવણ માટે હેલ્પલાઇન નંબર ૦૨૬૧૨૩૮૮૮૮૮ પર જ** પૂછપરછ કરી સ્પષ્ટતા મેળવી લેવાની રહેશે.

વિદ્યાર્થીઓને ફાળવવામાં આવનાર પ્રવેશ પ્રોવિઝનલ ગણાશે, કોઈપણ તબક્કે રજૂ કરેલ દસ્તાવેજ (ડોકયુમેન્ટ) ની સત્યતા બાબતે અથવા પ્રવેશ માટેની નિર્ધારિત લાયકાતની પરિપૂર્ણતા અંગે કોઈ વિસંગતતા ઊભી થાય તેવા સંજોગોમાં પ્રવેશ રદ કરવા સહિતનો યુનિવર્સિટીનો નિર્ણય આખરી ગણાશે.

કુલ બેઠકો પૈકીની ૮૦% બેઠકો ગુજરાત સેકન્ડરી એજ્યુકેશન બોર્ડ માટે તથા કુલ બેઠકો પૈકીની ૨૦% બેઠકો CBSE તથા અન્ય બોર્ડના વિદ્યાર્થીઓ માટે ફાળવવામાં આવેલ છે.

નોંધ:.

1. **શૈક્ષણિક વર્ષ: ૨૦૨૨–૨૦૨૩ માટે પ્રથમ વર્ષ B.A.** ની પ્રવેશ પ્રક્રિયા જે તે કોલેજ ખાતે કરવામાં આવનાર હોવાથી કોલેજનો સમ્પર્ક કરવાનો રહેશે. **માર્ચ–એપ્રિલ ૨૦૨૨ અથવા તે પહેલા પ્રથમ વર્ષ બી.એ.માં પ્રવેશ પાત્રતા માટે કે તેની સમકક્ષ પરીક્ષા આપી હોય, તેવા પ્રવેશાર્થીઓએ આપેલ પરીક્ષાની હોલટીકીટની નકલ સાથે પ્રવેશ નોંધણી તા.૨૭–૦૫–૨૦૨૨ સુધીમાં કરવાની રહેશે.**
2. **MBBS, BHMS,** B.Sc Nursing, B. Optometry, B. Architecture તથા **B. Physiotherapy** ના પ્રવેશ યુનિવર્સીટી દ્વારા કે યુનિવર્સિટી સંલગ્ન કોલેજ દ્વારા કરવામાં આવતા નથી પરંતુ ગજરાત સરકારશ્રી દ્વારા નિયુક્ત સેન્ટ્રલાઈઝડ એડમિશન કમિટી દ્વારા કરવામાં આવે છે.
3. હાલ માત્ર ગુજરાત સેકન્ડરી એન્ડ હાયર સેકન્ડરી એજ્યુકેશન બોર્ડ,ગાંધીનગર (ગુજરાત બોર્ડ)ના વિદ્યાર્થીઓ માટેની પ્રવેશ પ્રક્રિયા હાથ ધરવામાં આવશે CBSE બોર્ડ તથા અન્ય બોર્ડના વિદ્યાર્થીઓ માટેની પ્રવેશ પ્રક્રિયા CBSE બોર્ડ ના પરિણામ જાહેર થયા બાદ કરવામાં આવશે CBSE બોર્ડ તથા અન્ય બોર્ડના વિદ્યાર્થીઓ માટે ૨૦% બેઠકો રાખવામા આવેલ છે.

ઈ.ચા.કુલસચિવ

તા. ૧૬/૫/૨૦૨૨
સ્થળ: સુરત